# મેવાડનો પ્રતાપીચંદ.

૩-અં
ઓપેરા

પ્રકાશક :- મુંબઈ ગુજરાતી નાટક મંડળી.



સત પાલ્ય

# મેવાડનો

# પ્રતાપી ચંદ.

છપાવી પ્રસિદ્ધ કરનાર

**મુંબઈ ગુજરાતી નાટક મંડળી.**

સર્વ હક્ક સ્વાધીન છે.

મુંબઈ:—

ધી રાઇઝીંગ સ્ટાર પ્રીંટીંગ પ્રેસ મધ્યે

મહમદઅલી દાઉદખાને છાપ્યું છે.

સને ૧૮૯૫. સંવત ૧૯૫૧

કીંમત રૂ૦-૨-૦

# નાટકનાં પાત્રો.

સુત્રધાર ... ... નાટક કરનાર.
ચેટી ... ... તેની પુત્રી.

---

લાખોરાણો... ... મેવાડનો રાજા.
ચંદ
રઘુદેવ } ... તેના પુત્ર.
મોકળ ... ... લાખાની નવી રાણીનો પુત્ર પાછળથી રાજા.
રણમલ ... ... મંડોરનો રાજા.
લઘુમલ ... ... તેનો પુત્ર મોકળનો મામો.
સારંગદેવ.. ... માંડુનો રાજા. સુજાણબાનો બાપ.
જયસિંહ ... ... જેસલમેરનો રાજા. ચંદનો મામો.
મેરૂ ... ... ... રણમલનો ખટપટી ખવાસ.
ચપળા ... ... લાખારાણાની નવી રાણી. મોકળની મા.
રત્નપ્રભા ... સારંગદેવની સ્ત્રી.
સુજાણબા ... તેની પુત્રી. ચંદની સ્ત્રી.
સુંદરબા ... ... જયસિંહની સ્ત્રી.
સુબુધ્ધા ... ... મેવાડી રાજ્યની વફાદાર દાસી.
ચંચલા ... ... સુજાણબાની દાસી.
માના ... ... સુંદરબાની દાસી.
દેવી ... ... મેરૂની સ્ત્રી.

દરબારીઓ, વારાંગનાઓ, દાસ, દાસીઓ,
સિપાઇઓ. લુટારાઓ, સાધુઓ વગેરે વગેરે

# મેવાડનો

# પ્રતાપી ચંદ.

## નાટકનો ટુંક સાર.

"કીર્તિ અથવા સત્તાના લોભ ખાતર નિડર બહાદુર લશ્કરને રણમાં દોરી અનેક વિજય મેળવતા વીર કરતાં મનની મહત્તા અને અડગ ધર્મ નીતિનું ઉત્તમ ચિત્ર બનતો મહાત્મા જગતમાં વધારે પૂજનીય છે. પહેલો ઉધ્ધત થયેલાં અસાવધ મનમાં અજાણપણે એ ચઢતી પ્રજાની અધમ દશાનાં અને નાશનાં બીજ રોપે છે; ત્યારે બીજો મનુષ્યનાં કઠોર મનને કોમળ બનાવી, તેમાં પોતાનાં ઉત્તમ ચરિત્રની છાપ પાડી, અધમ દશામાં આવેલી પ્રજાને પણ ઉત્તમોત્તમ બનાવે છે."

આપણો ચંદ એ પાછલા પ્રકારનો મહાત્મા છે. ખરૂં છે કે એ મેવાડ જેવાં મહા રાજ્યની ગાદીનો વારસ હતો, અને જો ગાદીપર આવ્યો હોત તો તે એક ઉત્તમ અને વિજયી રાજ્ય કર્તા નીવડત. પણ નીચેના બનાવે તે રાજા તરીકે ગમે તેટલી કીર્તિ મેળવત તે કરતાં પણ તેને વધારે કીર્તિવંત અને અમર બનાવ્યો છે.

વૃધ્ધ લાખા રાણા દરબાર ભરી પોતાના રાજ્યમાં નવી નીકળેલી હીરાની ખાણના ખબર સાંભળી આનંદમાં બેઠા છે એટલામાં

**વગર વિચારે બોલવાનાં ફળ.**

મંડોરના રાઠોડ રણમલની કુંવરીનું ચંદ્રસિંહ વેરે વેસવાલ કરવાને રાઠોડનો ભાટ નાળીયેર લઇને આવ્યો. નાની બાળકીઓને વૃધ્ધ સાથે પરણાવવી એ ખોટું છે એ વિષે ચર્ચા નીકળતાં રાણાજીથી "આવાં રમકડાં આ ધોળી દાઢી માટે ન હોય" એમ બોલાઇ જાય છે. ચંદ્રસિંહને એ વાતની ખબર પડતાં એ કુંવરી પર પિતાની નજર થયેલી સમજી તે તે બાઇને મા કહી બેસે છે: ચંદના આગ્રહથી તથા બીજા દબાણથી

પસ્તાતા વૃધ્ધ રાજાને નાળીયેર લેવાની ફરજ પડે છે. પણ તે સાથે એ ગરીબ બાળકીનો ભવ બાળવા જતાં એને કંઇક પણ સંતોષ આપવાના ઇરાદાથી, એ રાણીને જે પુત્ર થાય તે ગાદી પર બેસે અને ચંદ્દે પોતાના ગાદીપરના હક ઉપરથી હાથ ઉઠાવવો એવું વચન તે ચંદ પાસે માગે છે. મહાન ચંદ આ કસોટીમાંથી પણ પાર ઉતરે છે અને આનંદથી એવાં મોટાં રાજ્યપરનો હક પણ છોડી દેવાનું કબુલ કરે છે. એટલુંજ નહિ પણ સિધ્ધપુરમાં માનું શ્રાધ્ધ કરીને પાછા ફરતાં આ વાત સાંભળી ઉદાસ થયેલા પોતાના નાના ભાઇ રઘુદેવને પણ માતા પિતા પ્રત્યેની બાળકોની ફરજ સમજાવી, તેના મનનાં વલણને બદલાવી નાખી શાન્ત પાડે છે.

**ચંદના મનની મહત્તા સ્વાર્થનો ભોગ.**

**ઉત્તમ શિક્ષાની ઉત્તમ અસર.**

મારવાડી રાવ રણમલની સ્થિતિ દયા પાત્ર હતી, તેથી તો તેણે મેવાડ સાથે સંબંધ જોડયો હતો. પુત્રીને કુંવર જન્મ્યો અને તેથી રાણા પાસે પોતાનું માન વધ્યું ખરૂં, પણ રાણાની વૃધ્ધાવસ્થાને લીધે સર્વ રાજ્ય કારભાર ચલાવનાર ચંદ જ્યાં સુધી હોય ત્યાં સુધી મેવાડી રાજ કાજમાં તેનાથી માથું મરાય કે ફવાય તેમ ન હતું. ખવાસ મેરૂ મારફત તરકટ ગોઠવાયું. મેરૂએ ચંદ રાજ્ય મેળવવા તરકટ કરે છે તે તથા તે કામને માટે હીરાની ખાણની ઉપજના પૈસા ખાનગી રીતે એકઠા કરેછે એવો શક રાણાના મનમાં ઉત્પન્ન કર્યો. પહેલા ગુસ્સાને પિતા તરીકેની સ્વભાવિક મમતા દાબી દે છે. પણ તેમાં બોલાયલા બોલોનો અવળો ઉપયોગ કરી ચંદ હીરાની ખાણ જોવા જાય છે ત્યારે મેરૂ તેને સુરંગ ફોડી મારી નાખવા તજવીજ કરેછે, જેમાંથી તે બચી જાયછે. બાપ જ આમ દગાથી મારી નાખવા માગેછે એમ જાણતાં બન્ને ભાઇ પર જૂદી જૂદી અસર થાયછે. રઘુદેવ ભયમાંથી ચાલી જવા સમજાવે છે ત્યારે ચંદ ખુદ પિતાના પગમાં જ પોતાની તલવાર તથા માથું મૂકેછે તરકટ ખુલ્લું થાયછે. ભલો રાજા પસ્તાય છે અને એકદમ ચંદને

**ગરીબાઈ દુષ્ટ મનને વધારે પાપ કરતાં શીખવે છે.**

**જર અને જમીન અવિશ્વાસ તથા ખરાબીનાં મુળ.**

**એક બીજી કસોટી. ગમે તેવી જાહોજલાલી એક ટેકી મન આગળ તુચ્છછે**

ગાદીએ બેસાડવાનો સિધ્ધાંત કરે છે. દરબાર ભરાયછે. લાખારાણા મેવાડનું તાજ ચંદને પહેરાવવા જાય છે. ચંદ્રસિંહ તે તાજ હાથમાં લઇ,નવી રાણીના પુત્ર બાળક મોકળને ભાઇની ખરી મમતાથી પહેરાવે છે અને સહુથી પહેલો પોતેજ વફાદાર સરદાર તરીકે તેને નમેછે, ઇ. સ. ૧૩૯૮. રાણાના કોમળ હૃદયમાં આથી ધણી અસર થાય છે. ચંદને પહેલા પટાવતનો હોદ્દો, સલુંબરની જાગીર વગેરે હકો આપી પોતે રાજ્ય છોડી ગયાજીમાં જીંદગીનો બાકીનો સમય ગાળવા ચાલ્યા જાયછે. ચંદને મળેલા આ હકો તેના વંશના ચંદાવત પટાવટો આજ સૂધી ભોગવેછે.

**ગમે તેવી પણ ઓરમાન મા.**

લાખારાણા ગયા અને મોકળ રાણા બાળક એટલે સઘળો કાર ભાર ચંદને માથે આવી પડેછે. તે મેવાડી પ્રજાનાં સુખ અને આબાદી વધારવા પાછળ તન મનથી મંડેછે. અને પ્રજાને પ્રિય થઇ પડેલો પાટવી પ્રજાનો વધારે વ્હાલો સામત બનેછે. પણ એથી એના દુશ્મનોને વધારે લાભ થાયછે. રણમલ અને તેનો સાતમો પુત્ર લખુ મલ રાણીના કાન ભંભેરેછે. છેવટે રાણી શંકાશીળ બનેછે અને ચંદ્રસિંહ તરફ અવિશ્વાસની લાગણીથી જુએછે. એ જાણતાં ચંદના મનમાં દુઃખ થાય છે અને તે રાજ્ય છોડી ચાલ્યો જાયછે. રાણી તેનું કામ પોતાના બાપ તથા ભાઇને સોંપેછે.

**વફાદાર મન વહેલું દુભાયછે**

વફાદારીનો બદલો આવો મળેલો જોઇ દુઃખી થતા ચંદને અકસ્માતથી પોતાનો મામા જયસિંહને ત્યાં રહેવું પડેછે. અપુત્ર મામા મામી તેને પેટનાં ફરજંદ પ્રમાણે જ ચહાયછે, જયસિંહ બંડખોર સામે લડાઇમાં ગયા પછી એક દિવસ લાખારાણા ગયાજીમાં દેવલોક પામવાના ખબર આવેછે. ચંદ અતિષય શોકાતુર થઇ જાયછે. મામી ભાણેજને એક ખરી માતાના વ્હાલથી શાંત કરે છે અને દુઃખી બાળક એ માતાના ખોળામાં નિદ્રાવશ થઇ જાયછે. ખોળામાં સૂતેલાં બચ્ચાંને જોઇ માને જે શાંતિ થાય તેવી શાંતિથી

**અવિશ્વાસી મન અવિચારી બનેછે.**

**સાહસનાં ફળ કેવાં બુરાં થાત ?**

સુંદરબાનો પણ આંખ મળી જાયછે. બંડખોરપર વિજય મેળવી આવેલ જયસિંહ ઉત્સાહમાં અંતઃપુરમાં પ્રવેશ કરેછે. તે એકાએક સ્તબ્ધ થઇ જાયછે. શરીરપરનાં રૂંવાડાં ઉભાં થાય છે. ખૂની બનેલા મામાના હાથમાંથી ભાણેજ છટકી જાયછે, અને તિરસ્કાર પામી મામાનું ઘર છોડી જાયછે. ખુનપર ચડેલો રાજા ચંદની પડેલી તલવારથી ઉંઘતી નિર્દોષ સુંદરબાને કાપી નાખત પણ ડાહી દાસીએ મોકલેલો વજીર તેને સ્ત્રી હત્યા કરતો અટકાવેછે

**આખર સોનું તે સોનુંજ.**

**નજરે જોયું પણ ખોટું પડે.**

વજીરની સમજાવટથી ચંદ અને સુંદરબાના સંબંધની ખાતરી કરવા રાજા સુંદરબા ઉપર ચંદના નામની બનાવટી પ્રેમ પત્રિકા મોકલેછે. સુંદરબાને એ વાંચતાં ચંદ્રસિંહપર તિરસ્કાર છુટેછે. અવિશ્વાસથી ઉદ્ધત બનેલો રાજા નરમ પડેછે, પસ્તાયછે, અને વગર વિચારે એ સતીપર શંકા લઇ જવાના અપરાધની તેની પાસે ક્ષમા માગે છે. સર્વ વાત જાણવામાં આવેછે અને દુભાયલા ચંદને સંતોષવા બન્ને નીકળી જાયછે.

**વફાદારીનું એક ચિત્ર**

માંડુના રાજ્યની સરહદપર રહેતા એક લૂટારાએ લોકોને બીક વાસ્તીએ લૂટવા એક જંગલને ભૂત જંગલ બનાવી દીધું હતું. તેમાં વધારે તાપ બેસાડવા તે કોઇ છોકરીને ચોરી લાવી તેને પ્રત્યક્ષ થતી દેવીનું રૂપ આપતો. એવી એક છોકરી મરી જવાથી એક ઘરડી માળણ મારફત માંડુના રાજાની ખુબસુરત કુંવરી સુજાણબાને ઉપાડી જાયછે. માળણની છોકરીને એ વાતની ખબર પડતાં તે પોતાની માને ગુનેહગાર તરીકે રાજા સારંગદેવ પાસે ઉભી કરેછે. પણ છોકરીની વફાદારીથી ખુશી થઇ રાજા ડોસીને માફી બક્ષી લુટારાના સ્થાન તરફ નીકળી જાયછે. અહીં ચંદને લૂટવાનો પ્રયત્ન કરતાં લૂટારાઓ નાશ પામેછે અને સુજાણબા છુટેછે. જેથી પ્રસન્ન થઇ માંડુપતિ બન્નેનાં લગ્ન કરી આપેછે.

અહીં પાછળ રણમલ તથા તેનો પુત્ર મેવાડીઓને કંઇ કંઇ બહાને દૂર કરી મારવાડીઓથી રાજ્યની સર્વ જગાઓ ભરેછે અને પોતાનુ પ્રબળ વધારે છે. તથા રૈયતમાં ત્રાસ ત્રાસ વર્તાવે છે. એક વખત રઘુદેવ કચેરીમાં આવતાં આવી સ્થિતિ જુએછે અને તે પ્રસંગમાં તકરાર થતાં નીચ મારવાડીઓ દગાથી તેનું ખૂન કરેછે. મોકળની દાઇ ગણાતી દાસી સુષુમ્ણાથી આ દેખી શકાતુ નથી. એ બાઇને દુષ્ટ રણમલે શીયળ ભંગ કીધી હતી ત્યારથી એ કૃત્યનું વેર લેવાનું એના મનમાં વસી રહ્યું હતું. ઉપરના બનાવથી આ વેરનો ભભુકો એક દમ ઉઠેછે.

**એકવાર પાપી બનેલું મન વધારે અને વધારે પાપો બનતુ જાયછે.**

તે જઇ રાણીને રણમલની રાજ્ય પચાવી પાડવાની ધારણા સમજાવે છે તથા ખુનની વાત કરેછે. રાણીને બાપ સાથે વાત થતાં તેની ધારણા ચોખ્ખી સમજાયછે. હવે રાણીની આંખ ઉઘડે છે. ચંદને નાહક અપમાન આપવા માટે પસ્તાય છે.

**ખરા વફાદારને વગર વિચારે દૂર કરવાનાં માઠાં ફળ.**

હવે આ નાશમાંથી કોણ બચાવે? સુષુમ્ણા જાતે ચંદ પાસે જાયછે. તેને સર્વ વાતથી વાકેફ કરેછે. રાજ્યની દુર્દશા તથા વીર રઘુદેવના ખુનના ખબર સાંભળતાં ચંદ વેરની આગથી બળી ઉઠે છે. રાણીએ કરેલું અપમાન તેના મનમાંથી બીલકુલ ભુંસાઇ જાયછે અને સીસોડીયાનાં રાજ્યનો પુનરૂદ્ધાર કરવાને તત્પર થાયછે.

**મહાત્માનાં હૃદય સદાય કોમળ હોયછે.**

**ક્ષમા તથા ઉદાર બુદ્ધી માણસને દેવાંશી બનાવે છે.**

ધીમે ધીમે ખાસ માણસો મારવાડી લશ્કરમાં ઘુસાડવામાં આવે છે અને રાણા મોકળને લોકોને ઉજાણી આપવાને બહાને રોજ ગામડાંમાં મોકલવામાં આવેછે. આજ દિવાળીને દિવસે ગોઠવણી પ્રમાણે ગસુંદામાં મોકળને ચંદ આવી

મળવાનો હતો, એ વાતથી અજાણ્યો મોકળ, મામાને રૈયતપર જુલમ ગુજારતો જોઇ, તેની સાથે ખુલ્લી તકરાર કરેછે અને પાસવાનોએ રોકવાનો પ્રયત્ન કર્યા છતાં, મ્હોતના મોંમાં પડવા, એકદમ ચીતોડ ચાલ્યો જાય છે.

**બાપ તેવા બેટા.**

અહીં વેર લેવાને આનંદથી તલપી રહેલી સુષુમ્ણા રણમલને દારૂ પાઇ બેભાન બનાવે છે. અને ચંદ આવ્યાના ખબર આપવા આવેલા તેના પુત્ર લખુમલને તેનેજ હાથે ઠાર કરાવે છે. શુદ્ધિમાં આવેલો રણમલ તરકટ જણાતાં, સુષુમ્ણાને ખંજર મારેછે અને એ વફાદાર દાસી પોતાનું કર્તવ્ય બજાવતાં આનંદથી મરેછે.

**વફાદારીનુ બીજુ ઉમદા ચિત્ર.**

હવે શું આ કહેવાની જરૂરછે કે, ચંદ મહેલમાં ધસી આવી રાણા મોકળને ખુનીના હાથમાંથી મરતો બચાવી લેછે, રણમલ પડેછે અને તે સાથે મેવાડ જુલમીઓના ત્રાસથી છુટેછે, એ આનંદમાં ભાગ લેવા નેજ હોયની તેમ ચંદની પ્રિયા અને સસરો તેમજ પસ્તાતાં મામા મામી ત્યાં આવી પહોંચેછે, અને સર્વના મનપર તથા બહાર દુનીયાના મનપર પ્રતાપી ચંદના સદ્વર્તનની ઉંડી છાપ અનંતકાળને માટે ભુંસાય નહીં એવી સજ્જડ છપાઇ જાયછે.

મેવાડનો

# પ્રતાપી ચંદ્ર

## મંગળાચરણ.

ચેટી— **૧**

**સારંગ**પાણિ રાખજે શરણુ ગૃહી શ્યામ,
**ગૌરી**પતિ શાંતિ દાતા કર તું સર્વનું **કલ્યાણ**; સારંગ.
**નટવર** તાંડવ મહીં લીન બની હું કરૂં સદા **દેવગાન**
**કાનડ** કાલા કરૂં પ્રિય લાલા મધુર મુરલી રસ પાન. સારંગ
અમ ઉપર **નાયકી** તમ રાજે ભક્તિ વિણુ સહુ અફળ **અદાન,**
**કેદાર** પ્રભુ તુજ ચરણુ નમું હું **બીહાગે** કરૂ તુષ્યમાન. સારંગ.

સુત્રધાર— **૨**

જેણે તજયું વચન ખાતર સર્વ રાજ,
સીસોડીઆ તણું બચાવ્યું હરાતું તાજ;
જાણી શકાતી નથી જેની પરાર્થ સીમા,
બીજો થયો જનમ ભીષ્મ તણો ભૂમીમાં.

ચેટી— **૩**

આ વૃક્ષ વેલ વાટિકા સુકાય કુમળાં,
સુકાય કુમળાં વારી વિણુ કુંપળાં; આ.
સુકાય નદી ઝરણુને રીબાય જળચરો,
મુંઝાય પ્રાણી સકળ પડે તાપ આકરો,
રહી આશ કરે નાશ ઝાંઝવાં ઝળાંમળાં; આ.
શીત પવન કેરી આશ થાય અંતરે અતિ,
લાચાર નિરાધાર બને સર્વની સ્થીતિ,
ધન બુંદ આશ ક્યાંથી જ્યાં વીંખાય વાદળાં. આ.

દરબારીઓ— **૪**

નરવર સુખકર વિજય વિજય જશ ગાઓ,
શીશ નામી ચર્ણુ વિષે મેવાડના અધિરાજ તણા. નરવર.
સાસા ગગ મમ પપ ધની ધપ મગ, ગરે ગરેસા, ધપ ધસા,
ગરે ગરેસા, ગરે ગરેસા. નરવર

તાદિગ દિન્ના તિરકિટ તકધા, તક્‌ધિડાન્ન ધિ઼ડિનગ તિરકિટ તક,
ધાધીના ધાધીના કિડધા કિડધા તિરકિટ તિરકિટ,
તકિધડના નગ તિરકિટ, તકધુમ કિટતક ધુમધુમ કિટતક ગદિગનધા,
ધુમધુમ કિટતક ગદિગનધા, ધુમધુમ કિટતક ગદિગનધા. નરવર

વારાંગનાઓ— ૫

વિજય વિજય પામો, જશ આ જગત જામો,
અજર અમર રહો; નરવર વિઘ્ન વામો; વિજય
સબળ સકળ રાજ પદ તુજ શિશ નામો,
જળ, સ્થળ, નગ, નભ કીર્તિ ચોમેર ગાજો; વિજ
ગાઓ બજાવો રીઝાવો સખી સહુ,
ધા ધીમી કિટ ધા ધીમીકિટ ધાકિટ તકતા,
તાગીન ધાગીતિટ તદિગ દિગ દિગ, (૨)
કિડાનધા કિડાન ધાધા. વિજ

ગામડીઆ— ૬

જીઓ જીઓ દાતા જુગ જુગ તમે, ભાંજી બલા સંધી જાઓ,
સુખ પામો આસિસ સૌ દઇએ અમે, „
બાપો તરસાનું તળાવ છો ભુખ્યાનું ભોજન,
નાચી ખુંદી ગુણ ગાઓ; જીઓ.
બાપો રહો હેમ ખેમ, રાખ રંક પરે રેંમ,
તપે સુર્ય ચંદ્ર જેમ, તપો રાજ તારૂં તેમ,
સખી રે'સખી રે'સખી રે'બાપલીઆ ગરીબની છાંય થાઓ. જી

બારોટ— ૭

દિસંતી દામિની, લલિત મુખ તેજે નથી કમી,
અરે એતો શોભે, મનહરણુ રંભા રતિ સમી;
કટી કેરા લ્હેકે, સિંહ શરમ ખાઇ વન ગયા,
નિહાળીને કેશો, મણીધર ધરા હેઠળ રહ્યા;
અતી ચારૂ ચાલે, રજ શિર પરે દંતી ઝટકે,
દ્રગોથી છોડીને ગરવ મૃગ વીપિન ભટકે;
ઘડી બ્રહ્માએ છે, ફુરસદ તણે દી ચિત્ત દઇ,
થઇ ના થાવી ના, અવર તરૂણી આ સમ કહીં.

લાખોરાણા—                ૮

કુંવર આ શું બોલે, કલંક કુંડું ઢોળે,
વૃદ્ધ વયે મને શું શરમાવે વદે વચન અતોલે? કુંવર.
મનન કર કંઇ મનની માંહી, સત્ય વાત જો લે,
ધરમ કરમ તારાં રહેશે વ્હેમમાં ન ડોલે.        કુંવર

ચંદ—                ૯

સુખદ સમય હરખે હૃદય ધરમ વિજય જોઇને,
પડી પિતા પાય પાવન આ કાય કરૂં પુજય પાય ધોઇને, સુખદ.
દાસનો દાસ હું પાસ શું યાચવું હાથ જોડી ચર્ણ પાસ ઉભો?
ધર્મથી બાંધ્યો ત્યાં વચનનો વાંધો શું હોયજ સુપુત કોઇને?
હુકમ કરો હુકમ કરો તાત નવ ઢીલ કરો.        પડી.

રઘુદેવ—                ૧૦

હાય! હાય! ચાલી ગઇ માત મારી!
થઇ દૂર છોડી છેક બાળક તારાં વિસારી!        હાય!
અતિ લાડ કરી કરતી ચુમ્બન પ્યાર ધારી!
નેન નીર ખળતું સદા સંભારી!        હાય!
સકલ જગત માહીં નહિ સમ સ્નેહ તારી!
હાય! દુઃખ દવ સુખ ગયો હારી!        હાય!

રઘુદેવ—                ૧૧

તાતને ન સેવે સુત ધીઃક છે તે પુતને,
નર્કનો અધિકારી તે જરૂર થાયછે;        તાત.
જન્મના દેનાર મારનાર કેમ થાય નહિ?
સર્વ રીતે આધીન જેને અમારી કાયછે,
મારવું ઉગારવું એ હાથ જેને છે રહ્યું,
પિતા વિરૂદ્ધ જાય તે કપુત રે કહેવાય છે.        નર્ક.

રણમલ—                ૧૨

હા! મન મુંઝાય! કરૂં શું ઉપાય!
દૈવ કૃતી આ કંઇ ન કળાય!        હા!
રાજ વૈભવ સુખ લેશ ન પામું!
ક્યાં જઇ કહું કોને કરે કોણ સ્હાય!        હા!

લખુમલ— **13**

આનંદે રહો, ન ડરો, ન ધરો, ચિંતા વિસરો,
ચંદ નિકંદન સત્વર કહાડું; આનંદે.
ઝપટ ચપટ કરૂં કપટ આ દિલ ભરૂં,
ઉરાડી ઉછાળી નિચે હું પછાડું. આનંદે.

**૧૪**

**દેવી**—અલબેલીના ભરથાર તમે ચાલો,
**મેરૂ**—હાય હાય નખરાળી નાર તું લટકે મટકે હું બેજાર,
**દેવી**—છબીલીના છેલા યાર; તમે.
**મેરૂ**—વાહ! છેલા અમે દીલદાર તું છો અહા! ઈંદ્ર પરી અવતાર,
**દેવી**—રસીલીના રસિક શણગાર; તમે.
ચાલ રંગે જમાડું રાજ, પ્રીતિ રસમાં ડુબાડું આજ,
**મેરૂ**—ઓહો સફળ આજ સૌ કાજ,
**દેવી**—મેરૂ મારો તું શીર તાજ. છબીલી.

ચપળા— **૧૫**

હાલો વ્હાલો કાલા બાલુડા રે હાં
સુઇજા સુઇજાની મારા વીર રે,
નિદ્રા આવે રે મીઠાં નેણમાં રે હાં
ઘેલી માની આંખલડીનાં હીર રે. હાલો.
* * * *
મરકે મુખડું તારૂં શું તેજે ભર્યુંરે હાં,
કાળા ખીંતલીયાળા કેશ શોભે ભાલ રે
હૈડાં ટાઢાં હીમ માડીનાં રે હાં
હરખે લેઉં ચુમી ગોરે ગોરે ગાલ રે હાલો.

**લાખોરાણો**— **૧૬**

તન પ્રગટ અગ્નિ કીધો તેં દીલ મહીં મારા, તન.
ગણ્યો તને ચક્ષુના મેં તારા;
જતન રતન સમ સેવન કરતાં મેં, તન.
મલીન શું દાગ મન તારા?
કપુત પુત્ર હાય! થાય જે જનને, તન.
અંતર બાળે હા! અંગારા.

મેરૂ— ૧૭

વાહજી વાહ શું લ્હેરના આવ્યા વારા?
બંદા ગુલછેરા ઉડાવે ન્યારા; વાહજી.
ચમક્યા આજે ભાગ્ય તણા છે તારા,
ખમા ખમા મેરૂ બાપા છે થનારા; વાહજી.
પેરી સોના એડી દઇએં ઓંખારા,
ઠણુણુણ ઠણુણુણ થાય ઠણકારા. વાહજી

ગામડીઆ— ૧૮

ચાલો ખોદો ખોદો સહુ ખાણુ આ રાજ ખુસી થઇ જાસે,
દેવા લગાડ ના તું વાર રે નહિ તો માર ખાસે;
હીરા જડસે, ઇનામ મળસે, નસીબ ફળસે, દસમન બળસે,
લીઓ લીઓ કોદાળી હાથ રે મંડો એક જ સાસે;
સૌ મળીને બધાં સંગાથ રે જાસું રાજ પાસે,
રાજા નેહે, ઇનામ દેહે, ફરસું લેરે, રૂડી પેરે,
પછી ઉજાણી જાસું સાથરે, સહુએ રાજી થાસે. ચાલો.

લાખોરાણા— ૧૯

શું કૃત્ય કરે જન ધનને માટે ધર્મ તજે કુળ કેરા હા!
માત પિતા પ્રિય સ્નેહ વછોડે છેક બનીને નમેરા હા! શું!
મોહક જાળે લુબ્ધ થઇ હા! પાપ થકી રહે ઘેર્યા હા!
ધિઃક એ માયામાં સહુ મોહી, ફોકટ મારે ફેરા હા! શું!

ચંદ— ૨૦

બાપુ કરો મને ઠાર ક્ષણું લગાડો ન વાર,
શુભ શુભ દીન આ છે રે; બાપુ.
મરણુ શરણુ થતાં નહિ જ ડરૂં હું,
તન અર્પણુ તમ ચરણુ કરૂં હું,
આવાર તલવાર ગૃહી કરો મને પાર,
છે સફલ સફલ દેહ ધન્ય ખરે. શુભ.

લાખોરાણો— ૨૧

જા જા જા હરામી નફ્ફટ નિર્લજ થા તું પાજી દૂર દૂર, જા.
છટ થુઃ છટ થુઃ ધિઃક તારી જાત ધિઃક તારી માત; થા.
બાળને ફસાવી, જાય તુ ફાવી ? કપટ જાળ તેં કાળ બીછાવી,
ખોટું સમજાવી, સુજને ભમાવી, નીચતા ચલાવી,
મારૂં રીઆવી ચીતામાં બળાવી હું. થા.

લાખોરાણો— ૨૨

ભજી લે તું મન હરી સુખકારી,
અમીઝર નજરથકી ન કરે દૂર, તાપ દે વિદારી ભજી.
માન ન અવિચલ ક્ષણભંગુર તું ભાઇ,
મોહ માયા મહીં રહે ન તું લપટાઇ,
ભમે ના તું ભવ તાત વિસારી,
દાતા શાતા વિણુ ગણુ ન અવર કાંઇ મોક્ષ તણી બારી. ભજી

વારાંગનાઓ— ૨૩

છાઇ રત પ્યારી ખીલા ગુલજાર. છાઇ.
ખીલે હએ બન બન, ફુલી હએ સઓસન
રાખે સદા કીરતાર; છાઇ.
બેલા ભી ફુલા, ફુલી ચંબેલી,
રંગ રચો હર ઠાર. છાઇ.

વારાંગનાઓ— ૨૪

મુગટ શિર સોહે નૃપતિ જયકારી,
વારી વારી રતિપતિ બલિહારી; મુગટ.
સભા પુરંદર જેવી કે અન્ય ઉપમા દેવી !
અંતર અંદર શાંતિ શાંતિ ફેલાવે, ભાવે,
ગુણુ ગાઇએ ભૂપતિ સુખકારી. મુગટ.

મોકળ— ૨૫

નિષદિન શંભુ ધ્યાન સહુ ધરો એ ભવહારી ભોળોનાથ,
પતિત પાવન કરનાર એ દયાળુ સુખકારી ભોળોનાથ;

અખિલ વિશ્વ સૃજનાર ખરો સ્વામી, વિકટ સંકટ હરનાર એ
દયાળુ—ભયહારી ભોળોનાથ.
ભાવે ભજી ભવ સરિતા તરો રે તમો, મુક્તિ સત્વર દેનાર એ
દયાળુ—સુખકારી ભોળોનાથ.

મોહન— **૨૬**

માતાજી મારાં છો પ્રાણુથી પ્યારાં આ ભાઇને દૂર કરો કાં ?
ચતુર છો તમો વ્હાલાં માતાજી આ હાથથી દુઃખ વરો કાં ?
ઓ ભાઇ મુરબ્બી મારા, થાઓ માં ન્યારા,
ભાઇ વચનથી શું ફરનારા ?
પાય પડી માગું ! નમી નમી યાચું, જુઓ જુઓ ભ્રાત સામું !
ક્રોધ ધરોમાં ! પરહરોમાં ! નાહક દુઃખ ધરો કાં ? માતાજી

ચંદ— **૨૭**

નકામી હરામી સેતાની ના ચલાવ ચૂપ ચૂપ ચૂપ;
કરૂં નિકંદ તુજ ફંદ છું અમંદ માન માન; નકામી.
જાણ્યું ધાર્યું છે તેં કરવા જમાવ, જા જા કદી નીચ નહિ તેમાં ફાવ;
હા! હા! ગુમાની જાળ બીછાવ તું, નારી બીચારી ભોળીને ભમાવશું ?
ધારૂં કલંક, જો વાળું અંક મારૂં નિશંક માન નાદાન. નકામી.

ચપળા— **૨૮**

રંક ગણી રક્ષા કરો ! જય શ્રીગોપાલ !
પ્રણમી લાગું પાય ઓ પ્રભુ દુઃખ હરો ! જય શ્રીગોપાલ !
ભયહર ભર દરીએ ડુબું ! ,,
શિર પર જાગ્યો કાળ સ્હાયક તુંજ ખરો ,,
કંપે કાયા માહરી ! ,,
અન્ય મને ન આધાર બાળક કર ધરો ! ,,

રણમલ— **૨૯**

માની મારૂં કહ્યું માન,
નમણી રમણી ચંદ્ર સમાણી, મોહનાં માર્યાં તેં બાણુ; માની
કોમળ કળી અલબેલી ઘેલી, માન ન ધર તું ગુમાન,
છણુકો છોડ લપેટ આ કોટે, પી પા પ્રિય રસ પાન. માની.

સુષુમ્ણા— **૩૦**

વિચારો લગાર દીકરીશું પ્યાર શો બાપા?
અગ્નિની ઝાળ, જીવિતનો કાળ,
ઝેર છે કરાળ, પરનારી પ્યાર. વિચારો.
પુત્રી સમાન છું નિદાન, પ્રાણ દાન કેરૂં સ્થાન,
ભૂલી ભાન છોડી સાન કાં નાદાન થાઓ અજ્ઞાન? અગ્નિની.

રણમલ— **૩૧**

ચિત ચોરક એ સુંદરી સંગ ચમન ઉડાવું (૨)
સુંદરતા ભંડાર એમાં અનુપમ શૃંગાર,
યૌવન નવીન બહાર લુટે લ્હેરી આ આવાર. સંગ.
ચમન ઉડાવું, હૈયે લગાવું,
એ રંભા અવતાર મુજ માટે કરી કિરતાર,
મોજ માણે અપાર બંદા ખૂબ થયા છે ખુવાર. સંગ

સુંદરબા— **૩૨**

સંતતી વિના સુખ આ નકામું!
શાન્તિ નહિ અંતરમાં લેશ પામું! સંતતી.
રાજ વૈભવ સુખ કંઇ નથી ગમતું!
હરી! હરી! જુઓ મારી સામું! સંતતી.

સુંદરબા— **૩૩**

સુંદર રમકડું મારૂં આ પ્યારા મારા; સુંદર.
સોને મઢયાં હીરે જડયાં વસન આભૂષણે,
મનહર તન શણગારૂં આ. પ્યારા.
જોઉં છબી ધારી ધારી, ચૂમી જાઉં વારી વારી.
મધુર લાગે છે મુખ પ્યારૂં આ. પ્યારા.

બાવાઓ— **૩૪**

શ્રીગુરૂ દતાત્રેય મહારાજ,
મમ મન ભાવન, તવ પદ સેવન, સુખદાયક સુખ સાજ.

બાવાઓ—                    ૩૫

કાયા રે કાહે રોઇ તજ દીએ પ્રાન,
તજત પ્રાન કાયા કાહે રોઇ નીકસ ચલે નર મોહી.
મંએ જાતું કાયા સંગ ચલેગી યા કારન કાયા મલમલ ધોઇ.તજ.
બએઠ સીરાને માતા રોતી, બએઠ પગાંતે ગોરી,
ભુજા પકર મેરા ભાઇ રોતા બીછર ગઇ સારસવાંકી જોરી. તજ.
ઘરમેં નાર અપચરા છોરી, દો પુતરનકી જોરી,
છોડદીયા સબ માલ ખજાના સાથ રહી નહીં એક ભી કોરી;તજ.
આટ કાટકી બની ગજગજી, બની કાટકી ઘોરી,
નદી કિનારે જાવેં ઉતારી ફુંક દઇ ફાગનકીસી હોરી. તજ.

લુટારાઓ—                    ૩૬

ઢુંડો યારો શિકાર કોઇ ભારી, સારી દુનીયાંકી દઔલત હમારી-
તુમ્હારી, કરો જરદારોંકે સર સવારી. ઢુંડો.
હમજો અપના હુન્નર કુચ્છ દીખાવેં, સુરમા આંખોકા પલમેં ઉડાવેં
જાકે હુશીયારોંકો એચ આવેં, બોલેં ઝુટ, કરેં લુટ,
જગત બીચ યારોં ખુટ, દગાબાજી હમારી હએ જારી. ઢુંડો.

સખીઓ—                    ૩૭

ઉપવન આ શોભા સારી સખી,
ફૂલી ઠંડી બહાર, સારી મન સુખકાર,
મનહર પ્રિયકર તન તાપ દે વિદારી. ઉપવન.
રચના રચી છે ન્યારી ન્યારી, જુઓ સખી સહુ ધારી ધારી,
અકળ કળા પર વારી વારી, તન શાંતિ પ્રસારી સારી,
વૃક્ષ છોડવે વેલી પેલી, સ્નેહે લપેટી વ્હેલી વ્હેલી,
સ્નેહ ભરેલી રેલી એલી, ધસે નિકટ છકેલી ઘેલી,
ખીલ્યાં પુષ્પો નવીન અપાર,
ભૂલે ભ્રમર ચતુરાઇ હારી, ચલીત બને કો સારી નહારી,
ચુમે ઘુમે કળી પ્યારી પ્યારી, મનહરનારી મોહક ભારી,
સદન આ દિસે રૂડું મદન આયુધ ધારી. ઉપવન

સખીઓ— ૩૮

નવલ યૌવનના ફુલે, ખુલ ખુલ ગુલજાર ડાળીએ ચડી ઝુલે; નવલ
નવીન સુખે મલક મુખે રસિક સંગ રસાળ,
મદભરી રસ રંગભરી ચાલે ગજગામિની ચાલ; નવલ
રસીલાં રંગીલાં છબીલાં બા મન ભ્રમર કયો છેલ,
સુજાણબા–છક ભરી બકવાદ કરો શું જાણે હરાડા બેલ ? નવલ
ચતુરી–ઘેલી છકેલી નવેલી સાહેલી શું સાસરે સાકર સ્હેલ,
સુજાણબા–લુચ્ચી ચતુરી હારી હું તુંથી, મારો કેડો મેલ. નવલ

સુજાણબા, સખીઓ — ૩૯

તન મન ધન વારૂં શ્યામ સુંદર પર મહોલે પધારો રાજ મારે,
છબીલા છેહ દેવો ઘટે ન તમારે; તન,
કામણગારા ધુતારા કાનુડા વશ કરી નયન અણસારે; છબીલા
ચિત્ત ચોરી અલબેલા છકેલા તમે છટકી ક્યાં જાશો આવારે; છબીલા
દયાસિંધું છો ભક્ત વત્સલ પ્રભુ ચરણ દાસી ચિત્ત ધારે. છબીલા

ચંચળા— ૪૦

ચૂપ હજાર હજાર ધિઃકાર તને ફીટકાર નીમકહરામ,
* * * * ચૂપ.
બુરૂં કરે જેનું લુણ ખાધું તેનું રાક્ષસણી થઇ નીચ,
* * * *
જીવવા ખાતર નાક કપાવ્યું તેં હાય બની બદનામ; ચૂપ.
અધમ કરમ સહું ન હું મર આગળ પાપણી તું,
* * * *
મારૂં પાડુ રાંડ ઉભી દાટું તને કર્યું આવું નીચ કામ. ચૂપ.

રત્નપ્રભા— ૪૧

હાય ! હાય ! લાડિલી કહીં ગઇ, નાથ કંઇ ન કળાય !
કવણ નીચ હા ! હરી ગયો ! મારૂં મન આ ચીરાય ! હાય !
શું રે થયું ! હાય ! શું થશે ? શાંતિ મળે ન જરાય !
કાંતિ હરાઇ મારી સહુ, ભ્રાંતિ મન ન સમાય ! હાય !
ધીર ન લગીર મારી રહે, દાવાનળ પ્રગટાય !
ટીલપે જળ વિણ માછલી, ધ્રુજે આ મુજ કાય ! હાય !

સારંગદેવ— ૪૨

પાપી ફસાવી રીબાવી ઉખાડું મુળ,
નીચ વાસ વણસાડું કહાડું હું શુળ; પાપી.
મતિમંદ અંધ થયો છે સ્વચ્છંદ,
સિધારી સંહારી ફકાવું હું એને ધુળ. પાપી.

સુષુમ્ણા— ૪૩

રાજ તમે મુજને રે નેહની લેહ લગાડી હો,
લેહ લગાડી ને મન વશ કીધાં
મોહનાં માર્યાં બાણ હો; રાજ.
દાસી તમારી લેજો રાજ ધારી,
બસ પ્યારી હું ને તમે પ્રાણ હો. રાજ.

ચંદ— ૪૪

હરી ! હરી ! હરી લીધું શીરનું છત્ર મારૂં !
ફરી ફરી કયહીં પામું તાત જીવીત પ્યારૂં !
નહીં નહીં નહીં પામ્યો ચહે સેવા પ્રસાદી !
રડી રડી રડી રે'જે ધિઃક છે હા પ્રમાદી !

માના— ૪૫

કયા ઝગડા છાયેજી, સુખ રતિયાં તોહે ના મીલે યાં ? કયા ?
ખોટી યે કાયા વારી વે, ખોટી યે માયા વે,
કાહે દુઃખ ભરે લુભાવેજી. સુખ.

લુટારાઓ— ૪૬

ગપ સપ ઉડાવે દીખાવે કમાલ, લુટે દબાવે હજારોંકા માલ; ગપ
ભટકાવે ફટકાવે ઝટકાવે પટકાવે, બહેકાવે ફુસલાવે દીખલાવે
ચાલ; ગપ.
હીંબરૂ—ચોરોંકે ચોર કરે દુનીયામે શોર, નહીં ચોરોંમે મોર
ચોર હમ સીના જોર,

ઉમર-કરદે વબાલ કાલ લોગોંમેં ડાલ, મુફ્ત પાયેં જો માલ
હો હમે સબ દલાલ,
જીવર-અએસી તડપ મારે હમ બેધડક, દેખલે યે કડક જાયે
રૂસ્તમ ભડક.
દાદુ-હો-રે-મો-તી-સએ સએ સાલ, સદા મીલે ફીરેં લાલોં કે લાલ. ગ૫

મુજાણબા— ૪૭

કરૂં હકીકત વિદીત આવારે શૂરવીર નર લક્ષે ઉતારે,
નહીં કહેવાયે, નહીં રહેવાયે, દુર્દૈવનું થયું હાય! જોર,
લાવ્યો અહીં ચોર મને નિરધારે! શૂરવીર.
આમ્ર વૃક્ષની કોકિલા જઇ પડી બાવળ ઝાડ!
તરફડતી ઉગારી લ્યો માનશે અતિ તમ પાડ!
સત્ય વાત ધરી લ્યો દીલ આ, માંડુ પતિ તણી છું દુહિતા. નહીં

માના— ૪૮

કરો નાહક રોશ શું હું પર બા?
સમજાય ના ભેદ શું છે આ? કરો.
ઇશ્વર સાક્ષી મારો દોષિત હું નથી રે!
છોડો શંકા કરો દયા જરા! કરો.

સુંદરબા— ૪૯

નાથ ચાલો લાડિલો રીસાઇ કહીં જાશે?
કોડિલો કોડેથી મનાશે; નાથ.
મનાવું પટાવું લડાવું હું ફોસલાવું,
ચાલો ચાલો પ્રિય મનાવી બાલુડો લાવું,
મન મારૂં ઉછળતું ઉલ્લાસે. નાથ

વારાંગનાઓ— ૫૦

જાગ જાગ જગાય જગાસ,
મંએકો લંગર તુરકવા,
સોવન ન દે ઘડી પલછીન એ મા; જાગ.

નીંદકી માતી અંખીયાં મોરી,
કછુ ન સોહાવે મહેરબાન,
અબ રાખું ગલે લગા. જાગ.

મોકળ— **૫૧**

આનંદ આનંદ આજ મારે મન આવો,
આવો આવો મુજ ઘર આવો,
રાજ કાજ સુખ સાજ સફળ સકળ મુજનું આજ,
લેઉં પ્રેમ લ્હાવો. આનંદ.
નિજ પ્રજાની સંગ મજાથી રહી ભુલ્યા શું બંધુને ?
વાહવા પ્રેમ, બાળ કેમ લેવા એમ બાઇ કેરી ના'વો ? આનંદ.

રઘુદેવ— **૫૨**

અરે ધિઃકાર છે ધિઃકાર નફ્ટ તુજને હજારો વાર,
પુત્રીને ઘેર પડયોછે તું તને ફીટકાર છે ફીટકાર; અરે.
પિતાજી મારા કોપાવી, દીધા તેં સાધુ બનાવી,
કંકાસનું બી રોપાવી, રાજ તેં લીધું પચાવી,
ભ્રાત માત દૂર કરાવી દીધાં ગમાર. અરે.

ચપળા— **૫૩**

પ્રભુજી સ્હાય કરો, હડબડી હું જઉંછું ન ઉપાય સુઝે કશો ;
હાય રંક પ્રજા રંજાડે ભ્રાત કરે મેવાડીઓને દુઃખી મુજ તાત
રખે બાળ મારાનો કરે એ ઘાત; પ્રભુજી.
હાથનાં કીધાં હૈડે વાગ્યાં, સુખ દૂર થઇ દુઃખડાં જાગ્યાં,
પેલા ભવનાં પાપ આવી લાગ્યાં; પ્રભુજી.
હાય! દૂર ગયોછે ચંદ મારો અરે એ ગુમ થયો તેજી તારો,
કોણ લાવે હવે આ દુઃખ આરો. પ્રભુજી.

## ૫૪

ચપળા—ફસે કરી
સુષુમ્ણા—પાછી ફરી
ચપળા—આવ જલ્દી તો બહાદુર ખરી; ફસે.
સુષુમ્ણા—દેહું અરી,
ચપળા—જઇએ તરી,
સુષુમ્ણા—લેઉં પાપી તણા પ્રાણ હરી; ફસે
ચપળા—ચંદભાઇને લાવે પટાવી,
સુષુમ્ણા—જે જે લશ્કર સંગે હું આવી, વેર ભરી
ચપળા—નહીં ડરી-
સુષુમ્ણા—અસી ધરી-
ચપળા—ફરી ફરી
સુષુમ્ણા—કટકા શત્રુના કરું જરી જરી. ફસે

સખીઓ— ## ૫૫

શૃંગાર સજીને તમે સાંચરોને.
રસ રંગે રમાડો રાજ રે કુંવરી કોડે ભર્યાં;
વેણી વાળી ફુલ ગુંથીયાં સેંથે સીંદૂર પૂરો આજ રે; કુંવરી.
ઓપે અણવટ વીંછીયા ને પાયે ઝાંઝરનો ઝણકાર રે; કુંવરી.
તવલટ ચમકે ચાંદલો જોઇ રીઝે રસિક ભરથાર રે. કુંવરી.

ચંદ— ## ૫૬

એક ગુંથતી કેશ, એક કાજળ દ્રગ સારે,
એક ધરે શીર કુસુમ, એક મુખ દર્પણ ધારે,
નૂપુર ઘાલે એક એક તન વસ્ત્ર સમારે,
કરે અલંકૃત એક કંઠ મણીમય શુભ હારે,
કર કંકણ ભૂષણ કારમાં એઇ ધરાવે કામની,
રતિપતિને જગે જીતવા શસ્ત્ર સજાવે ભામની.

સખીઓ— ૫૭

વાહવા રંગ વાહ તરંગ આ શા ઢંગ હો સખી?
શરમાઓ, લજવાઓ, છુપાઓ, ના આવો,
લ્યો પીયુને ફરીથી નિરખી; વાહવા.
ધરી મમતા પ્રીતિ જમતાં, મન ગમતાં *
રમતાં રખે નમતાં હાંસી ખમતાં *
આવજો હો બોલાવજો હો કહાવજો હો વાત અમો સરખી. વાહવા

૫૮

**સુજાણબા**—જાઓજી જાઓ પ્યારા હાં કાં બનાવો રે?
**ચંદ**—આવોજી આવો પ્યારાં હાં કાં રીસાઓ રે?
**સુજાણબા**—વાહજી વાહ હાં હાં હાં હાં અમથી સતાવોરે,
**ચંદ**—છણુકાળી આ છણુકો કરતાં કેમ દયા નહીં ધારો?
**સુજાણબા**—પ્રાણુ વરીને પ્રેમ કરીને ઉડાવવાનો આ ધારો?
**ચંદ**—વાહરે! વાહરે! પ્યારી નારી બલિહારી પ્રાણુ
**સુજાણબા**—મધુરી વાણીએ શીદ લલચાવોરે?
**ચંદ**—અરે વાહ! અરે વાહ! જાઓજી.

ચંદ— ૫૯

* ઠાર કરૂં ઠાર કરૂં ઠાર કરૂં પાપીને,
ધીર હું પરહરૂં અસી આ કરમાં ધરૂં; ઠાર.
નાશ કરૂં આશ સહુ ત્રાસ તોડું હવે,
વેર બસ વેર લઉં ઝેર પુરૂં ભરૂં. ઠાર.

મોકળ— ૬૦

પ્રેમ ધરી પાળે પ્રજાને સંભાળે પીડા તેની ટાળે ખરો એ ભૂપાળ;
ધર્મ નીતિ વિજય ઉછાળે સુકુળને ઉજાળે પ્રતાપી નૃપાળ. પ્રેમ.
પ્રજા સુખ માટે નિજ સુખ તણો ભોગ આપી,
જાણી છુપાઇ સુખ દુઃખ તેનાં આપે શાંતિ પિતા સમો થઇ કૃપાળ. પ્રેમ

મોકળ— ૬૧

છોડું હવે નહીં ઓ મામા કંસ,
* * * * છોડું.
ગર્વ ઉતારીશ તારો હું મામા,
બેઠો ઝેરી મારે કાળનો ડંસ; છોડું.
ભાઇના મ્હોતનું વેર લઉં હું,
* * * *
કહાડું જડામુળ ઉરાડું હું ધુળ,
દયાનો રાખું નહીં દીલ અંશ. છોડું.

સુષુમ્ણા— ૬૨

થાઉં કુરબાન મધુ રસ પાન કરો મારા જાન તમે પતળીયા,
છોગાળા મુખ શોભાળા મહેરબાન થાઓ તમે સામળીયા; થાઉં
હાથ પાછો ના ફરે પ્યારી તણો દિલદાર આ,
જાનની પીછાન છે દારૂ તણી સરકાર આ,
રાખો મુજ માન દીઓ પ્રિત દાન ઓ રૂપાળા કાન તમે પાતળીયા.
છોગાળા

સર્વે— ૬૩

પતિવૃતા પત્નિને, સદ્ગુણી સુત બંધુમાં અતુલ માયા;
સંપ સુશાંતિ વર્તે તુજ કરૂણા દ્રષ્ટી હોય જગરાયા.

સમાપ્ત.

Opera
ID No. 050
Photo ID No.